## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૨૪/૦૭/૨૦૨૨ થી તા. ૩૦/૦૭/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૫/૨૦૨૨ તા.૩૧/૦૭/૨૦૨૨ :-**

તા-૨૫/૦૭/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫, તથા ચાઇલ્ડ લાઇન ટીમના સંભ્ય નામે કલ઼ાબેન બાવિસ્કાર નાઓ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે ત્રણ બાળકો આમતેમ રખડતા જોવામા આવતા તેઓને તેના વાલીવરસો વિશે પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે અમો ઘરે થી કોઇને જાણ કર્યાવગર નિકળી આવી કોહીનુ માર્કેટ જવાનુ હતુ પણ અહીયા આવી ગયેલ હોવાનુ જણાવતા તેઓનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ (૧) રિઝવાન સ/ઓ મોસીમ જાતે શેખ ઉ. વ. ૧૪ ધંધો અભાસ રહે ઉમરવાડા ગોલ દવાખાન સુરત મુળ રહે. યાવલ મહારાષ્ટ્ર મો નં ૯૦૧૬૨૪૨૫૪૩ (૨) સમીર ચિરાખ શેખ ઉ .વ ૧૫ ધંધો અભ્યાસ રહે સદર (૩) સોહેલ સાફિક શેખ ઉ.વ. ૧૩ ધંધો અભ્યાસ રહે સદર વાળા નાઓના વાલી વારસોનો સંપર્ક કરી જાણ કરતા તેઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા બાળકોના યોગ્ય આધાર પુરાવા મેળવી મેળવી બાળકોનો કબજો તેઓના વાલીવારસોને રૂબરૂ સોપવામાં આવેલ છે

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૨૬/૨૦૨૨ તા.૨૬/૦૭/૨૦૨૨ :-**

તા-૨૬/૦૭/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫, તથા ચાઇલ્ડ લાઇન ટીમના સંભ્ય નામે રીયા પટેલ નાઓ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે પ્લે નં ૨/૩ ઉપર એક બાળક એકલો બેસેલ જોવામા આવતા તેને પુછપરછ કરતા તેને જણાવેલ કે હુ મદ્રેસામાં અભ્યાસ કરૂ છુ અને મને આજે ટ્રેન જોવાની ઇચ્છા થતા હુ મદ્રેસામાંથી ભાગીને આવેલ હોવાનુ જણાવતા તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ મોહમદ સેહબાઝ સ/ઓ શાહનવાઝ જાતે શેખ ઉ. વ ૧૧ રહે ઘર નં ૨/૧૮૨૧ નવી ઓલી સગરામપુરા સુરત વાળો હોવાનુ જણાવતા તેની પાસેથી તેના પિતાનો સંપર્ક નંબર મેળવી જાણ કરતા તેઓ સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા બાળકના યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકનો કબ્જો તેના પિતાને રૂબરૂ સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૧૧/૨૦૨૨ તા.૨૭/૦૭/૨૦૨૨ :-**

તા-૨૭/૦૭/૨૦૨૨ ના રોજ પી.એસ.ઓ સુર્યનાથ રામનયન નાઓ નોકરી સુરત રે.પો.સ્ટે.મા ફરજ ઉપર હાજર હતા તેવખતે ચાઇલ્ડ લાઇન ટીમના સભ્યા મહેમુદ વોરા નાઓને મુસાફરખાના માથી એક બાળકી મળી આવેલ જેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓએ સદર બાળકીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ શિવાની સુરેશ રાવત ઉ. વ. ૧૫ ધંધો અભ્યાસ રહે ગામ પજનખેડા તા બીગાપુર જીલ્લો ઉન્નાવ ઉત્તરપ્રદેશ વાળી જણાવે છે કે તેની માતા તેને ઘર કામ બાબતે બોલાચાલી કરતી હોવાથી તેની માતાને જણાવેલ કે મને દાદા દાદી પાસે મુકી આવો મારે અહીયા નથી રહેવુ તેમ જણાવતા તેની માતા મારઝુડ કરતી હોય જેથી તે ઘરે કોઇને પણ જાણ કર્યા વગર વતન જવા સુરત રેલ્વે સ્ટેશન આવેલ હોવાનુ જણાવતા તેની પાસેથી તેના વાલી-વારસો અંગે પુછપરછ કરી સદર બાળકીના દાદા તથા પપ્પા ન આવે ત્યા સુધી સદર બાળકીને આશ્રય માટે ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામ નગર રાદેર મુકવામાં આવેલ બાદ સદર બાળકીના કાકા મુકેશકુમાર સ/ઓ રામખેલાવન જાતે સરોજ ઉ. વ. ૩૫ ધંધો નોકરી હાલ રહે સ્ટાર્ડ કાસ્ટીગ કંપની નં ૩૪૮ વાઘોડીયા જી.આઇ.ડીસી વડોદરા મુળ રહે ગાવં બિહાર તા તૌધાપુર જી ઉન્નાવ રાજ્ય ઉત્તરપ્રદેશ વાળા સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકીનો કબ્જો તેના કાકાને રૂબરૂમા સોપવામાં આવેલ છે

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૪૦/૨૦૨૨ તા.૨૯/૦૭/૨૦૨૨ :-**

તા-૨૯/૦૭/૨૦૨૨ ના રોજ ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે અશોકબાગુલ તથા રંજનબેન સોલંકી નાઓને સુરત રેલ્વે સ્ટેશન પ્લે નં ૦૧ ઉપરથી એક બાળક મળી આવતા જે બાબતે તેઓએ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓના મો.ફોન ઉપર જાણ કરતા તેઓએ સદર બાળકનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ પ્રકાશ રાવ સાહેબ જાતે નિકુંભ ઉ. વ. ૧૫ ધંધો અભ્યાસ રહે ગાંમ ઇદવ તા સાક્રી જી ધુલીયા મહારાષ્ટ્ર વાળી જણાવે છે કે મારા દાદા-દાદી ભણવા બાબતે ગુસ્સ઼ે થતા હુ ઘરે કોઇને જાણ કર્યા વગર નિકળી આવેલ બાદ તેના પિતાનો

...મો નં બાળકને યાદ હોય મો નં ૯૬૩૭૨૬૭૧૩૯૩ ઉપર સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે મારો સાળો સુરત રહેતો હોય જેથી સદર બાળકના મામા નામે રવિંદ્ર સુરેશ પાટીલ નાઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકનો કબ્જો તેના મામાને રૂબરુમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોંધ કરવામાં આવેલ છે

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૦/૨૦૨૨ તા.૩૦/૦૭/૨૦૨૨ :-**

તા-૩૦/૦૭/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રે.સ્ટે. ઉપર હાજર હતા તે વખતે એક ઇસમ ઉતાવળે ઉતાવળે એક બાળકીને હાથ ખેચીને જતા જોતા સદર ઇસમને રોકી બાળકીના માતા વિશે પુછપરછ કરતા તેને જણાવેલ કે મારા પત્ની સાથે ઝગડૉ થતા હુ બાળકીને મારા વતન લઇ જાવુ છુ તેમ કહેતા ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે હેતલ રાઠોડ નાઓને બોલાવી સદર બાળકીને તથા તેના પિતાને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી ઇસમનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ પંકજકુમાર સ/ઓ મહેશ્વર મંડલ જાતે મંડલ ઉ. વ ૨૭ ધંધો નોકરી રહે હાલ શાંતીનગર મારૂતીધામ ભરૂચ મુળ રહે મુળ રહે રંગારા પોસ્ટ રંગારા જી ભાગલપુર બિહાર વાળાને સદર બાળકીનુ નામ પુછતા તેને નીધી પંકજકુમાર જાતે મંડલ ઉ.વ. ૦૫ રહે સદર વાળીના માતા નામે સુમનકુમાર વા/ઓ પંકજકુમાર મંડલ ઉ.વ ૨૨ ધંધો નોકરી રહે શાંતીનગર મારૂતીધામ ભરૂચ મુળ રહે રંગારા પોસ્ટ રંગારા જી ભાગલપુર બિહાર વાળીનો મો.ફોન ઉપર સંપર્ક કરી જાણ કરતા અંકલેશ્વરથી આવતા તેઓ જણાવે છે કે અવાર નવાર અમારે પતિ-પત્ની વચ્ચે ઝગડૉ થતો હોય છે અને તેઓના પતિ બે થી ત્રણ વખત તેની બાળકીને લઇ ને જતા રહે છે જેથી તેઓને બન્ને યોગ્ય માર્ગદર્શન આપી તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકીને તેની માતાપિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૬) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૧/૨૦૨૨ તા.૩૦/૦૭/૨૦૨૨ :-**

તા-૩૦/૦૬/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રે.સ્ટે. ઉપર હાજર હતા તે વખતે એક બાળકી રીઝર્વેશન સેંટર પાસે એકલી બેસેલ જોવામા આવતા તેને ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે મીરાબેન બાવિસ્કાર તથા રીયા પટેલ નાઓને બોલાવી સદર બાળકીની પુછપરછ કરતા તેઓ જણાવે છે કે મારે અમારા ગામમા રહેતા છોકરા સાથે પ્રેમ સંબધ બંધાયેલ હોય અને તે વાતની જાણ મારા માતાપિતાને થતા તે મને મારશે તે બીકથી હુ ઘરે કોઇને પણ જાણ કર્યા વગર નિકળી આવેલ હોવાનુ જણાવતા તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ પ્રિયંકાકુમારી ડો/ઓ લક્ષ્મણ જાતે બિંદ ઉ.વ.૧૬ ધંધો અભ્યાસ રહે ગાવ ચંદ્રા પોસ્ટ ચૈનપુર જાગરીયા કૈમુર બિહારવાળીએ જણાવેલ સરનામે ચૈનપુર પોલીસનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે તા.૨૮/૦૭/૨૨ ના રોજ ઘરે કોઇને જાણ કર્યા વગર નિકળી આવેલ તેમ જણાવતા હોય જેથી તેના વાલીવરસોને જાણ કરેલ તેના વાલીવારસો ન આવે ત્યા સુધી તેને ચિલ્ડ્રન હોમ ફોર ગલ્સ રામનગર રાદેર સુરત ખાતે મુકવામાં આવેલ હોય જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

**(૭) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૭/૨૦૨૨ તા.૩૦/૦૭/૨૦૨૨ :-**

તા-૩૦/૦૭/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રે.સ્ટે.ઉપર હાજર હતા તે વખતે એક બાળકી પ્લે નં ૨/૩ ઉપર બેસેલ હોય જેને પુછપરછ કરતા તે જણાવેલ કે તા ૨૯/૦૭/૨૨ ના રોજ અમારે ભાઇ બહેન વચ્ચે ઝગડો થતા અને તેની માનસીક સ્થિતી સારી ન હોવાથી તે ઘરે કોઇને પણ જાણ કર્યા વગર વાપીથી બસમાં બેસી સુરત રેલ્વે સ્ટેશન આવેલ હોવાનુ જણાવતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ જ્યોતિ ડો/ઓ રાજકુમાર જાતે સરોજ ઉ.વ. ૧૫ ધંધો ઘરકામ રહે ગામ કાંતિત ગોસાઇ પુર્વ વિદ્યાચલ ગોસાઇપુર વિદ્યાચલ જિ મીર્જાપુર ઉત્તરપ્રદેશ હાલ રહે અશોકભાઇની ચાલ બલીઠા વાપી વાળીના વાલીવારસોના મો.નંબર વિશે પુછપરછ કરતા તે જણાવે છે કે મને કોઇના નંબર યાદ ન હોવાથી વાપી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે, આ નામની છોકરીના પિતા વાપી પોલીસ સ્ટેશનમાં તેની દિકરી

ગુમ થયા અંગેની જાણ કરેલ છે જેથી તેઓ પાસે બાળકીના પિતાનો મો.નંબર મેળવી સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે તેની દિકરી ગઇ કાલ સાંજના ગુમ થયેલ છે ત્યાર બાદ સગાસબધી મિત્ર વર્તુળ દ્વારા તપાસ કરતા નહી મળી આવતા આજરોજ તેઓની બાળકી ગુમ થયા અંગેની જાણ વાપી પોલીસ સ્ટેશન કરેલ હોવાનુ જણાવતા તેઓની દિકરી માનસીક બીમાર હોવાથી વાપી માં ડૉ મનિષ પટેલની સારવાર ચાલે છે જેથી તેઓને તેઓની બાળકી સુરત રેલ્વે પોલીસ સ્ટેશન છે તેમ જણાવતા તેઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકીનો કબ્જો તેના માતા પિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામા આવેલ છે.

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
(એસ.ડી. ભટ્ટ)
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા